# Sixth India-Nepal Joint Commission Meeting

January 15, 2021

## ભારત-નેપાળ જોઇન્ટ કમિશનની છઠ્ઠી બેઠક

જાન્યુઆરી 15, 2021

15 જાન્યુઆરી 2021 નાં રોજ નવી દિલ્હીમાં ભારત-નેપાળ જોઇન્ટ કમિશનની છઠ્ઠી બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને નેપાળનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી પ્રદીપ કુમાર ગ્યાવાળીએ કરી હતી. બન્ને પ્રતિનિધિમંડળોમાં ભારતનાં વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શૃંગલા અને નેપાળનાં વિદેશ સચિવ શ્રી ભરત રાજ પૌડયાલ અને બન્ને પક્ષો તરફથી અન્ય સીનિયર અધિકારો સામેલ થયા હતા.

જોઇન્ટ કમિશન દ્વારા બન્ને દેશો વચ્ચેનાં બહુપક્ષીય સહકારનાં તમામ પાસાઓની વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી અને પરંપરાગત રીતે નિકટનાં અને મૈત્રીપૂર્ણ જોડાણો વધારે મજબૂત કરવા માટેનાં માર્ગોનું અન્વેષણ કર્યું હતું. બન્ને પક્ષોએ કન્ક્ટિવિટી, અર્થતંત્ર અને વ્યાપાર, ઊર્જા, તેલ અને ગેસ, જળ સંસાધનો, રાજકીય અને સુરક્ષાનાં મુદ્દાઓ, સીમા વ્યવસ્થાપન, વિકાસ ભાગીદારી, પ્રવાસન, સંસ્કૃતિ, શિક્ષણ અને ક્ષમતા નિર્માણનાં ક્ષેત્રો સહિતનાં અનેક ક્ષેત્રો પર ચર્ચા કરી હતી. કેટલીક દ્વિપક્ષીય પહેલ આગળ વધારવામાં જોઇન્ટ કમિશનની ગત બેઠક પછી થયેલી નોંધપાત્ર અને નક્કર પ્રગતિની નોંધ લેવામાં આવી હતી.

પ્રાંતમાં કોવિડ-19 મહામારીનો સામનો કરવામાં બન્ને પક્ષો વચ્ચેનાં નિકટનાં સહકારની નોંધ લેવામાં આવી હતી. ભારતમાં કોવિશિલ્ડ અને કોવેક્સિન રસીઓનાં નિર્માણમાં નોંધપાત્ર સફળતા બદલ નેપાળે ભારતને અભિનંદન પાઠવ્યા હતા અને નેપાળને વહેલાસર રસીઓનું પ્રાવધાન પ્રદાન કરવા માટે વિનંતી કરી હતી.

મોતિહારી-અમ્લેખગંજ પેટ્રોલીયમ પ્રોડક્ટ્સ પાઇપલાઇન દ્વારા હાંસલ થયેલ સિમાંકનની નોંધ લેતા, બન્ને પક્ષોએ ચિતવન સુધી પાઇપલાઇન વિસ્તૃત કરવા પર અને સિલિગુરી અને નેપાળમાં ઝાપા જોડતી પૂર્વિય બાજુની નવી પાઇપલાઇન પર ચર્ચા કરી હતી.

બન્ને પક્ષોએ જયનગરથી જનકપુર થઈને કુર્થા પહોંચતી ભારત અને નેપાળ વચ્ચેની પ્રથમ પેસેન્જર રેલ્વે લાઇનનું કામ પૂર્ણ થવાનું અભિવાદન કર્યું હતું અને નોંધ લીધી હતી કે ટ્રેન સેવાઓનો પ્રારંભ કરવા માટેની કાર્યકારી પ્રક્રિયાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. સંભવિત રાક્ષાઉલ-કાઠમંડુ બ્રોડ ગેજ રેલ્વે લાઇન સહિત અન્ય સીમા-પારની રેલ જોડાણ પરિયાજનાઓ પર પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

જોઇન્ટ કમિશન દ્વારા લોકો અને માલસામાનનાં સીમા પારનાં આવાગમનની સુવિધા પ્રદાન કરવાની જરૂરીયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેવી પણ નોંધ લેવામાં આવી હતી કે બિરગંજ અને બિરાટનગર ખાતે તાજેતરમાં ઉદ્ઘાટન કરવામાં આવેલ સંકલિત ચેક પોસ્ટ્સથી બન્ને દેશો લોકોનાં સુગમ આવાગમન અને વ્યાપારમાં મદદ મળી છે. નેપાલગંજ ખાતે ત્રીજા ICP નાં નિર્માણનાં પ્રારંભને બન્ને દેશોએ આવકાર્યો છે. ભારતે પાઠવ્યું હતું કે ભૈરહવા ખાતે નવા ICP નાં

નિર્માણનો ટૂંક સમયમાં પ્રારંભ કરવામાં આવશે. બન્ને દેશનાં લોકો માટે અસંખ્ય ફાયદાઓ ધરાવતી પ્રસ્તાવિત પંચેશ્વર બહુહેતુક પરિયોજના સહિત સંયુક્ત જળવિદ્યુત પરિયોજનાઓ ઝડપી બનાવવા પર ચર્ચાઓ યોજવામાં આવી હતી.

ભારતે પાઠવ્યું હતું કે તે અનુદાન સહાયથી નેપાળમાં બે વધુ સાંસ્કૃતિક હેરિટેજ પરિયોજનાઓ હાથ ધરશે, જેઓ પશુપતિનાથ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને પાટણ દરબારમાં ભંડારખાલ ગાર્ડન રીસ્ટોરેશન છે.

બન્ને પક્ષોએ આંતરરાષ્ટ્રિય, પ્રાંતિય અને પેટા-પ્રાંતિય સહકાર પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. નેપાળ દ્વારા સત્તાનાં બદલાયેલા સંતુલનને પ્રતિબિંબિત કરવા માટે વિસ્તૃત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં કાયમી સભ્યપદ માટે સમર્થન વ્યક્ત કરવામાં આવ્યું હતું.

પારસ્પરિક સાનુકૂળ તારીખ પર નેપાળમાં જોઇન્ટ કમિશનની આગામી બેઠક યોજવા બન્ને પક્ષો સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 15, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.